(M)

—— COPY ——


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)

"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 454

તા: ૦૪.૦૧.૨૦૧૮

શ્રી સૌરભભાઈ પટેલ,
માનનિય મંત્રીશ્રી -
ઊર્જા મંત્રાલય,
સર્વણિમ સંકુલ - ૧,
ગાંધીનગર

વિષય: ગાંધીધામ શહેરમાં CNGનાં અને LPGની પાઇપલાઇનની વ્યવસ્થા શરૂ કરવા બાબત

માનનિયશ્રી,

આપને વિદિત જ છે કે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ છેલ્લા ૬૪ વર્ષથી ગાંધીધામ - કંડલા અને કચ્છ વિસ્તારની એક અગ્રગણ્ય વ્યાપારી સંસ્થા છે અને સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય કંડલા - ગાંધીધામ વિસ્તારનાં વેપાર-ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓને કેન્દ્ર તથા રાજ્ય સ્તરે લઈ જઈ તેમની વચ્ચે એક સેતુ તરીકે કાર્ય કરવાનો છે.

ગાંધીધામ શહેર કચ્છ જીલ્લાની આર્થિક પ્રવૃતિનું કેન્દ્ર છે. ગાંધીધામ શહેર બાજુમાં આવેલ દિનદયાળ પોર્ટ અને આજુબાજુનાં વિકસિત ઉદ્યોગોની વ્યાપારીક પ્રવૃતિઓથી ધમધમે છે અને આ વિકાસ યાત્રામાં ભારતનાં જુદાજુદા વિસ્તારથી આવેલ જન સમુદાયનો વિશેષ ફાળો છે તથા સમયાંતરે તેઓ અહિં જ સ્થાયી થયેલ છે. આ ઉપરાંત અહિં દિનદયાળ પોર્ટએ કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના "સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી"ના પ્રકલ્પનું આયોજન કરેલ છે.

ગાંધીધામ શહેરની ઉપરોક્ત પૃષ્ઠભુમિકા હોવા છતાં આ શહેરમાં CNGનાં પંપ અને LPGની પાઇપ લાઈનની વ્યવસ્થા હજુ સુધી આમ જનતા માટે ઉપલબ્ધ નથી. LPG પાઇપલાઇન માટે તો GSPC દ્વારા ભૂતકાળમાં આ શહેરમાં આંકણી પણ થયેલ છે તથા તેમના દ્વારા નામ નોંધણી અને ડિપોઝીટ ફી લેવા સુધીની કાર્યવાહી થયેલ હતી. આમ છતાં તે પછી પણ આ વ્યવસ્થાને મૂર્તસ્વરુપ આપવા કોઈ પગલાં લેવામાં આવેલ નથી. ગાંધીધામ શહેરની જનતા આ વ્યવસ્થાઓની કાગડોળે રાહ જોઇ રહી છે.

અમોને આશા છે કે આપની દિર્ઘ દ્રષ્ટિ અંર્તગત ગાંધીધામ શહેરમાં ઉપરોક્ત બન્ને વ્યવસ્થાને મૂર્ત સ્વરુપ અપાશે જ. જેથી ગાંધીધામ શહેરની પ્રજાની લાંબા સમયની આકાંક્ષા પરિપૂર્ણ થાય.

ગાંધીધામ ચેમ્બર આપશ્રીને આ સંદર્ભે યોગ્ય પગલાં લેવા માટે વિનંતી કરે છે.

આભાર સહ....

આપનો વિશ્વાસુ,

બાબુભાઈ બી. હુંબલ
પ્રમુખ

નકલ રવાનાં:૧) શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ધારાસભ્યશ્રી, ગાંધીધામ
૨) શ્રીમતી રેમ્યા મોહન, કલેક્ટરશ્રી, કચ્છ જિલ્લો